# કપડવંજ અને રાજકોટમાં પાડોશી યુવકની ધમકીથી બે યુવતીનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા જિલ્લા કપડવંજમાં એક યુવતીએ ગત સાતમી મેના રોજ તેના ઘરે પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આપઘાતના કેસમાં હવે અઠવાડિયા બાદ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં દીકરીની માતાએ પડોશીઓના ત્રાસથી દીકરીએ આત્મહત્યા કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ ખેડા જિલ્લા કપડવંજમાં એક ૧૭ વર્ષીય કિશોરીએ ગત સાતમી મેના રોજ તેના ઘરે પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. એ સમયે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. હવે અઠવાડિયા બાદ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. એમાં દીકરીની માતાએ પડોશીના દીકરાના ત્રાસથી આત્મહત્યા કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. જેમાં મારા પાડોશમાં રહેતો આકાશ મારી દીકરી સામે ખરાબ નજરે જોઈ લગ્ન કરવા અંગે હેરાન કરતો હતો. આ અંગે દીકરીએ મને જાણ કરતાં હું ઠપકો આપવા જતાં ઝઘડો થયો હતો. એ સમયે આકાશના પિતા અને માતાએ કહેલું કે તમારી દીકરીને મારા દીકરા સાથે જ પરણાવવી પડશે, ગમે ત્યાં પરણાવશો તો તેને ચેનથી જીવવા નહીં દઈએ, આ અંગે પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. તે સમયે આ અંગે અંદરોઅંદર સમાધાન થઇ ગયું હતું અને એ સમયે આકાશે કહેલું કે હવે પછી હેરાન નહીં કરું, પરંતુ થોડા સમય બાદ ફરીથી આકાશ અને તેનાં માતા-પિતાએ અગાઉની જેમ હેરાન કરવાનું શરું કર્યું હતું. જેથી દીકરીને ચાંદખેડા માસીને ત્યાં મોકલી આપી હતી. જે અંગે પણ ભરતભાઇ અને તેમનાં પત્નીએ ઝઘડો કર્યો હતો. એકતરફી પ્રેમમાં પાગલ યુવક અને તેનાં પરિવારજનોના માનસિક ત્રાસથી દીકરી એટલી તો કંટાળી ગઈ કે તેને આપઘાત કરી લીધો હોવાનું માતાએ જણાવ્યું હતું. આવા બીજા કેસમાં રાજકોટમાં એક યુવતીએ આત્મહત્યા કરી હતી અને પિતાને લખેલી ચીઠ્ઠીમાં પડોશમાં રહેતા યુવકને આને માટે જવાબદાર ઠેરવ્યો હતો. આ યુવક સાથે યુવતીને મિત્રતા હતી. યુવકે યુવતી સામે લગ્નની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી, પરંતુ તે બાદ યુવકના લગ્ન અન્યત્ર નક્કી થઈ ગયા હતા. યુવતીએ સંબંધ ઓછો કરી નાખતા યુવકે તેને ધમકાવી હતી અને લગ્ન બાદ પણ સંબંધ ચાલુ રાખવા દબાણ કર્યું હતું. યુવતીએ લખેલા પત્રમાં પડોશમાં રહેતા સુનીલ નામના યુવકે પરેશાન કરી હોવાનો તેમ જ માર માર્યો હોવાનો ઉલ્લેખ છે. પોલીસે પિતાની ફરિયાદને આધારે યુવક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ યુવકના બે દિવસ અગાઉ જ લગ્ન થયા હોવાનું પણ જાણવા મળ્યું છે. ■



**વિવાદની ગરમીઃ** આગરાના તાજમહલ ખાતે ગરમીથી બચવા છત્રીઓ વાપરતા પર્યટકો. તાજમહલના બંધ ઓરડાઓમાં અનેક રહસ્ય હોવાનો દાવો કરીને તેઓને ખોલવાની માગણી થઈ રહી છે. રાજસ્થાનમાં ભાજપનાં નેતા તાજમહલની જમીન પોતાના પૂર્વજોની હોવાનો દાવો કરે છે, જ્યારે એક પુસ્તકમાં તસવીરો સાથે દાવો કરાયો છે કે તાજમહલના સ્થાને મૂળ હિંદુ રાજાનો મહેલ હતો. (પીટીઆઈ)

## ક્લાસિફાઈડ


### ૩૨. જમીન-મિલકત

**રાજકોટમાં**
રહેલી તમારી જમીન, મકાન, પ્લોટ કે અન્ય મિલ્કત, મુંજકા, મોટામવા, મવડી, રૈયા, હરીપર, કણકોટ, વિરડાવાજડી, માધાપરના અને રાજકોટની આજુબાજુના પ્લોટ + જમીન રોકડેથી ખરીદશું. માપણી, ઘટતા કાગળો, વકીલ અને અન્ય સરકારી તમામ કામ અમે ભરોસાથી કરી આપીશું. અસલ દસ્તાવેજો વાડી ફાઈલ પણ ખરીદશું. સંપર્ક- ડૉ. પુનિતભાઈ તેરૈયા, 9979977777. (૧૧૦૫૮-એ)

**દેવલાલી**
દેવલાલી માં બેવરલી હિલ્સ લામ રોડ ફ્રન્ટ બ્રિટીશકાલીન ફર્નિશ્ડ બંગલો વેચવાનો છે.
પ્લોટ 20,000 ચો.ફુટ અને બંગલો એરીયા 4000 ચો.ફુટ
મો. : 98230 55254
(બી-૧૦૨૮૪)

**દેવલાલી**
5 બેડરૂમ અતિસુંદર બંગલો વિલા ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબ્જો. સુરેશભાઈ - 9869170308. (બી-૧૦૨૪૨)

■ **વેચવાનો છે. 1000 વાર ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ, બ્રોકર આવકાર્ય. ચાંગોદર 7802040535. (બી-૧૦૧૭૮)**

### ૩૩. ધંધાદારી

**હોલસેલમાં**
હાપૂસ રત્નાગીરી/ પાયરી, ફાર્મ ઓર્ગનિક આમ, ઘરે મેળવો. આશિષ: ૯૬૧૯૮૩૫૪૪૧. (૧૧૪૨૩-એ)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
૪૭ વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા- ૯૯૨૦૯૫૫૨૯૧, ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૬૮-એ)

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**વરિષ્ઠ નાગરિકો**
જો તમારી ઉંમર 60થી 75 છે, તો તમને નવી મેડિકલ પોલિસી મળશે કોઈ મેડિકલિમ રિપોર્ટ કેશ લેસ કાર્ડ + સતત વિગતો સાથે પોર્ટેબિલિટી ઉપલબ્ધ છે. દિલીપભાઈ મોદી 9136621227/9321554522 (બી-૧૦૨૯૮)

**શુભ પ્રસંગો**
લગ્ન, ધાર્મિક, પ્રાર્થના, બારમું તીથી, ગીફ્ટ આઈટમો હોલસેલ ભાવે - ૯૯૩૦૩૧૦૦૫૭. (ટી-૪૮૪૪-એ)

**Sweet Banquets**
A/C હોલ, કાંદિવલી વેસ્ટ એસ. વી. રોડ સ્ટેશનની બાજુમાં, સગાઈ, લગ્ન, સંગીત, શ્રીમંત, બર્થડે, મીટીંગ અન્ય કાર્યક્રમો વ્યાજબી ભાવે કરી આપીશું. પ્રમોદભાઈ સીમરીયા - 9820366603. (૧૧૦૦૦-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ **વેદિક જ્યોતિષ & વાસ્તુ કંસલટન્ટ, કિશોર પડીયા, મોબાઈલ: ૯૧૩૭૩૬૫૧૯૪. (૧૧૦૭૨-સી)**

**શિવ જ્યોતિષ**
વર્ષોથી સ્થાઈ પતિ સંતાન પ્રેમી કહેવામાં નથી જીવનના તમામ મૂંઝવતા પ્રશ્નનો ઉપાય (કાંદિવલી) 9136808000. (૧૧૧૩૫-ડી)

### ૩૮. ગુમાયું-મળ્યું

BILL NO. 35757 DATED 29-05-2019 issued by n shamnrao Nanabhai Gopinath Chhapniwala has been place. if found Contact 9820749888. (8974)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફીંગ સોલ્યુશન**
ટેરેસ, આઉટસાઈડ, વોટર ટેન્ક, ક્રેક ફીલીંગ, કેમિકલ ટ્રીટમેન્ટ, પેઈન્ટિંગ. 8655777722. (૧૧૦૮૦-સી)

**સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ**
ટેરેસ, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ. 7 years Warranty. - 8450941119. (બી-૧૦૨૨૮)

**બિલ્ડિંગ રિપેરીંગ**
**પેઈન્ટિંગ, પ્લાસ્ટરીંગ, સ્ટ્રકચર રિપેરીંગ, ટેરેસ, ગેરેંટી, કેમિકલ વોટર પ્રૂફિંગ. શાહ 9820079294. (૧૧૦૩૭-એ)**

**સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ**
ટેરેસ, છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઈન્ટીંગ - 7718891188. (બી-૧૦૨૬૩)

■ ડામરકામ ટાંકીની સફાઈ મેમબરીન સાથે કરવામાં આવશે. સંપર્ક: ૯૩૨૬૨૧૦૦૨૬. (૮૯૭૩)

**વોટરપ્રુફીંગ એકસપર્ટ**
ટેરેસ, ક્રેક ફીલીંગ, છજ્જા, બિલ્ડીંગ રીપેરીંગ, ટાંકી, Dr. Fixit Company warranty સાથે. 7666777500. (૧૧૧૩૨/ડી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**સ્વામીનારાયણ વોટર પ્રુફીંગ**
ટેરેસ, આઉટ સાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, રીપેરીંગ, પેઈન્ટિંગ 9137320432 - 9967832871. (બી-૧૦૨૬૨)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ + અમેરિકા + ન્યુઝીલેન્ડ ઓસ્ટ્રેલિયા + કેનેડા + દુનિયાભરમાં ''સસ્તામાં'' મોકલવા- 9820194719/7208019515. (૧૧૪૧૪-જી)


# દાહોદના જાનૈયાઓની લક્ઝરી બસને ચિત્તોડગઢ પાસે અકસ્માતઃ ૧૭ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદના જાનૈયાઓની લક્ઝરી બસને રાજસ્થાનના ચિત્તોડગઢ નજીક ઉદયપુર સિક્સલેન ઉપર અકસ્માત નડ્યો હતો, જેમાં દાહોદ અને અમદાવાદના ૧૭ લોકો ઘાયલ થયા હતાં. તેમાંથી ત્રણ લોકોની હાલત ગંભીર હતી. આ ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ દાહોદ શહેરના દર્પણ સિનેમા રોડ ખાતે રહેતો પરિવાર અજમેર ખાતે લગ્નની વિધિ પૂર્ણ થયા બાદ ટ્રાવેલ્સમાં બેસીને દાહોદના જાનૈયાઓ પરત આવી રહ્યા હતાં ત્યારે ચિત્તોડગઢ-ઉદયપુર સિક્સલેન પર લક્ઝરી બસના ચાલકને ઝોકું આવી જતાં સાઈડમાં પાર્ક કરેલા ટ્રેલરમાં લક્ઝરી બસ અથડાઈ હતી. અકસ્માતમાં લક્ઝરી બસમાં એક બાજુના સ્લીપરમાં સૂતેલા ૧૭ જાનૈયાઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ પોલીસને થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી પસાર થતાં વાહન ચાલકોની મદદથી ઘાયલ જાનૈયાઓને બહાર કાઢ્યા હતાં. અને તમામ ઘાયલોને નજીકની હૉસ્પિટલના ટ્રોમાં વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં ત્રણની હાલત ગંભીર હોવાનું જણાવામાં આવ્યું હતું. ■

# વડોદરામાં પાલિકા કચેરીમાં આગ લાગતા લોજિસ્ટીક મિટિંગ સહિતની ફાઈલો ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના અકોટા ગાર્ડન પાસે આવેલી કોર્પોરેશનની કચેરીમાં આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ ફાયરબ્રિગેડને થતા ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે, આગને કાબૂમાં લે તે પહેલા ફાઇલો સહિત દસ્તાવેજો તેમ જ ફર્નિચર બળીને ખાખ થઇ ગયું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરા પાલિકાની અકોટા ગાર્ડન પાસે વોર્ડ નંબર ૧૨ની કચેરીના પ્રથમ માળે એકાએક આગ ભભૂકી ઉઠી હતી. વોર્ડ કચેરીના પ્રથમ માળેથી આગના ગોટેગોટા નીકળતા જોઈ સ્થાનિક લોકો દ્વારા આ બનાવની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવતા ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચીને વોર્ડ કચેરીમાં લાગેલી આગ માત્ર ૧૫ મિનિટમાં બુઝાવી દીધી હતી, પણ તે પહેલા કચેરી સ્થિત લોજિસ્ટિક મીટિંગની તમામ ફાઇલો સહિત તમામ દસ્તાવેજો અને ફર્નિચર કોમ્પ્યુટરો બળીને ખાખ થઇ ગયા હતા. આગનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી, પરંતુ પ્રાથમિક તપાસમાં અસહ્ય ગરમીના કારણે વાયરિંગ બળી જવાથી શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનું બહાર આવ્યું હતું. બીજી તરફ મહિનાનો બીજો શનિવાર હોવાથી કોર્પોરેશનમાં રજા હોવાના કારણે કોઈ કર્મચારીઓ કચેરી ખાતે આવ્યા ન હતા. પરિણામે મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી. જો આ બનાવ ચાલુ કચેરી દરમિયાન બન્યો હોત તો કદાચ મોટી દુર્ઘટના સર્જાઈ હોત. ■

# વડોદરામાં અડધી રાત્રે ડિમોલિશનઃ રાતના અંધારામાં બે દેરી તોડી પડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં રાત્રિના અંધારામાં ગેંડા સર્કલથી મનીષા ચોકડી સુધીના ફલાયઓવર બ્રિજ નીચે આવેલી બે નાનીલા રીઓને તોડી પાડવામાં આવી હતી. બ્રિજમાં નડતરરૂપ હોવાનું કારણ આપીને અડધી રાતે દેરીને તોડી પાડતાં લોકોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરા પાલિકાની ટીમે દબાણ શાખાને સાથે રાખી અંધારામાં ભાથુજી મહારાજની દેરી તથા બળિયા દેવની દેરી તોડી પાડી હતી. પાલિકાની ટીમે રાત્રીના અંધારામાં ગૂપચૂપ રીતે કરેલી કામગીરી અંગેની સ્થાનિક લોકોને જાણ થતાં તેઓએ તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો. દેરીઓ તોડી પડાયા બાદ ભાથુજી મહારાજ અને બળિયાદેવની મૂર્તિઓને પાલિકાના સેન્ટ્રલ સ્ટોરના મંદિરમાં મૂકી દીધી હતી. પાલિકાની આ કામગીરીને હિન્દુ અગ્રણીઓએ વખોડી કાઢી આ પહેલા હનુમાનજીની દેરી સહિત ત્રણ દેરી તોડવાની કોશિશ કર્યાનો આક્ષેપ કર્યો હતો. પાલિકાના ભાજપના શાસકોએ અગાઉ પણ બ્રિજની કામગીરીની આડમાં જીઇબી પાસે આવેલા હનુમાન મંદિરને હટાવવાનો પ્રયાસ કર્યો હતો, જેનો વિરોધ થતાં કામગીરી મુલતવી રાખવી પડી હતી. ■

# નખત્રાણા નજીક મુંબઈ પાસિંગની કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં ૩ વર્ષના બાળક સહિત બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છના ધોરી માર્ગો રક્તરંજિત બનવાનો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો હોય તેમ નખત્રાણાના મંગવાણા-સુખપર રોહા માર્ગ પર મુંબઈ પાસિંગની હ્યુન્ડાઇ આઈ ટ્વેન્ટી કાર અને મોટરસાઈકલ વચ્ચે સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં કારમાં સવાર ત્રણ વર્ષના માસૂમ બાળક સહિત બે લોકોનાં મોત નિપજતાં બૃહદ કચ્છમાં અરેરાટી સાથે શોકની લાગણી ફેલાઈ છે.

સવારના આઠ વાગ્યાના અરસામાં બનેલી આ દુર્ઘટનામાં ગાંધીધામના મહેશ્વરી નગરમાં રહેતાં ૬૫ વર્ષીય આત્મારામ થાવર મહેશ્વરી તેના પડોશી શ્યામ મહેશ્વરીની મોટરસાઇકલ પર પાછળ બેસી અબડાસા તાલુકાના કુણાઠિયાના ધર્મસ્થાને દર્શને જતા હતા. દરમિયાન, સુખપર રોહા નજીક સામેથી ધસી આવેલી મુંબઈ પાસિંગની આઈ ટ્વેન્ટી કારના ચાલકે તેમને ટક્કર મારી હતી જેમાં ગંભીર ઈજાથી આત્મારામભાઈનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું જ્યારે બાઈકચાલક શ્યામને ગંભીર ઈજાઓ થતાં ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખસેડાયો હતો,બીજી તરફ કારમાં સવાર ૩ વર્ષના બાળક ધ્યાન રક્ષિતભાઈ પટેલ (રહે. મોટી રાયણ, માંડવી)ને માથામાં ગંભીર ઈજા થતાં તેનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટના અંગે નખત્રાણા પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# રેલવે સ્ટેશનો પર ૧૦૦ ફૂડ પ્લાઝા ખોલશે

નવી દિલ્હીઃ રેલવે સત્તાવાળાઓ ઇન્ડિયન રેલવે ટુરિઝમ ઍન્ડ કેટરિંગ કૉર્પોરેશન (આઇઆરસીટીસી) પાસેથી હવાલો પોતાને હસ્તક લઇ સ્ટેશનો પર ૧૦૦ ફૂડ પ્લાઝા ખોલશે જેનાથી રેલવેને એક આવક ઊભી થાય.

શરૂઆતમાં આ જવાબદારી આઇઆરસીટીસી પાસે હતી, પરંતુ ચાલતી ટ્રેનમાં ભોજન પૂરું પાડવાની જવાબદારી અદા કરનાર આઇઆરસીટીસી સ્ટેશનો પર ફૂડ પ્લાઝા ખોલવાના કામને પહોંચી વળતી ન હોવાથી હવે આ જવાબદારી ઝોનલ રેલવેને સોંપવામાં આવી છે. ૧૭ ઝોનલ રેલવેઝને એક ઑર્ડર પાઠવવામાં આવ્યો હતો, જેમાં સ્ટેશનો પર કોઇ ફાજલ જગ્યા હોય ત્યાં ફૂડ પ્લાઝા ઊભા કરવાની પરવાનગી આપવામાં આવી હતી. આ બાબતે ૧ વર્ષથી વધુ સમયથી કોઇ જગ્યા ફાજલ પડી હોય તો તેની સમીક્ષા કરવાનું કામ ઝોનલ રેલવેના જનરલ મૅનેજરોને સોંપવામાં આવ્યું છે. ■

# ગુજરાતમાં આકાશમાંથી રહસ્યમયી વસ્તુ પડવાનો સિલસિલો યથાવત્: વધુ એક ગોળો પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સતત બે દિવસથી આકાશમાંથી રહસ્યમયી ગોળા પડવાની ઘટના બની રહી છે. આણંદના ઉમરેઠ, દાગજીપુરા બાદ ચકલાસી નજીક ખેડાના ભૂમેલ ગામના એક પોલ્ટ્રી ફાર્મમા અવકાશમાંથી વધુ એક ગોળો પડતા લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. આકાશમાંથી સતત એક જ પ્રકારના ગોળા માત્ર ખેડા વિસ્તારમાં જ કેમ પડી રહ્યાં છે, તેવો સવાલ લોકોને સતાવી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ ખેડાના ભૂમેલ ગામના એક પોલટ્રી ફાર્મમાં શુક્રવારે રાત્રે વધુ એક અવકાશી ગોળો આવીને પડ્યો હતો. ભારે અવાજ સાથે ગોળો પડતા પોલ્ટ્રી ફાર્મના માલિક ગભરાઈ ગયા હતા, જેથી તેમણે ગામના સરપંચને જાણ કરી હતી. સરપંચે આ ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી. ભૂસેલ ગામમાં પડેલો અવકાશી ગોળો એવો જ ગોળો છે જે ખેડાના અન્ય ત્રણ સ્થળોએ ખેતરમાં પડ્યા હતા. પોલીસે અવકાશી પદાર્થનો કબજો મેળવી ગોળાને ચકલાસી પોલીસ સ્ટેશન ખાતે લઇ આવી એફએસએલને જાણ કરવામાં આવી હતી. ■

# 'સગપણ તને સાલમુબારક'

પ્રથમ દૃષ્ટિએ રોમિયો જુલિયટના જેવું આ નાટક નથી. નાટકમાં માબાપનો સંતાન પ્રત્યેનો પ્રેમ તો છલોછલ છલકાય જ છે પણ સાથે-સાથે વેરની ભાવના ધરાવતી સ્ત્રીની વાત પણ છે.



કિરણ ભટ્ટ (કેબી) દિગ્દર્શિત, જશ જોશી નિર્મિત, પ્રવીણ સોલંકી લિખિત આ નાટક શરૂઆતથી અંત સુધી વારંવાર વાર્તામાં આવતા વળાંકોને કારણે પ્રેક્ષકોને જકડી રાખે છે. આ નાટકના મુખ્ય પાત્રમાં સંગીતા જોશી, હેમંત ઝા, રાજુલ દીવાન, વૈશાલી પરમાર, ઉન્નતિ ગાલા, મનીષ શાહ, હસનીત પરમાર અને નવોદિત કલાકાર જશ જોશી છે. ■

# જ્ઞાનવાપી મસ્જિદ વિવાદ મુદ્દે કૉંગ્રેસ-એસપી ચૂપ કેમઃ ઓવૈસીનો સવાલ

અમદાવાદઃ એઆઈએમઆઈએમના અધ્યક્ષ અસાદુદ્દીન ઓવૈસીએ શનિવારે કૉંગ્રેસ અને સમાજવાદી પક્ષ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ મામલે તેઓ ચૂપ છે કારણ કે મુસ્લિમ તેઓની વોટબેંક નથી. ઓવૈસીએ એમ પણ કહ્યું હતું કે બંધારણ મુસ્લિમોને તેમના ધર્મ અને સંસ્કૃતિ પાળવા માટેની પરવાનગી આપે છે, આથી અમે ઘરમાં અને જાહેરમાં અમારી પરંપરા અનુસાર વર્તીશું. તેમણે ભાજપ સહિત કૉંગ્રેસ, આપ અને સમાજવાદી પક્ષને કટ્ટરવાદી પક્ષો કહ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે મુસ્લિમો માત્ર ઘરે મુસ્લિમ રહે અને બહાર તેમના ધર્મના થાય તેવું આ પક્ષો ઈચ્છે છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે લુચ્ચાઈ કરી અને ન્યાયની તકલ કરી મુસ્લિમો પાસેથી બાબરી મસ્જિદ છીનવી લેવામાં આવી હતી, પરંતુ હવે બીજી મસ્જિદ અમે છીનવવા દેશું નહીં. જ્ઞાનવાપી મસ્જિદ છે અને મસ્જિદ જ રહેશે, તેમ પણ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# અંગત સંબંધોના વીડિયોથી સુરતની યુવતીને બ્લેકમેલ કરતો રાજસ્થાની ક્રિકેટર પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરત : રાજસ્થાનના ક્રિકેટર આશિષ જૈને સુરતની યુવતીનો અશ્લીલ વીડિયો બનાવી તેની પાસેથી રૂ. ૯૬ હજાર પડાવી લીધા હતા. યુવતીના પરિવારે સુરત સાયબર ક્રાઇમમાં ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ દ્વારા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી જેલભેગો કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર સુરતની એક યુવતી રાજસ્થાનના પૂર્વ ક્રિકેટર રણજી પ્લેયર આશિષ જૈન સાથે ફેસબુકના માધ્યમથી તેના સંપર્કમાં આવતા તેમના વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. ત્યારબાદ આશિષ જૈને પ્રેમિકાને વીડિયો કોલ કરી તેનો વીડિયો સ્ક્રીન રેકોર્ડિંગ કરી કર્યું હતું. ત્યારબાદ આ બંને વચ્ચેનો પ્રેમ સંબંધનો અંત આવ્યો હતો. પ્રેમ સંબંધનો અંત આવતા આશિષ જૈને યુવતીને કહ્યું હતું કે તારા વીડિયો અને ફોટા મારી પાસે છે. તું મને પૈસા નહિ આપે તો હું તારા વીડિયો, ફોટો વાયરલ કરી દઈશ.વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને તેણે યુવતીને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. તેના જ આધારે તેની પાસેથી ૯૬ હજાર રુપિયા પડાવી લીધા હતા. ત્યાર બાદ છેવટે અંતે પરિવારે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં આ સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આશિષ જૈનની ગુનો નોંધી ધરપકડ કરી જેલ ભેગો કર્યો હતો. ■

# ચીકુના વેપારીઓને રોવાનો વારો આવ્યો, મફતના ભાવે પણ કોઈ લેવા તૈયાર નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

નવસારીઃ ગુજરાતમાં ગરમીએ રેકોર્ડ તોડતા વાતાવરણમાં વધેલી અસહ્ય ગરમીએ કેરી ખાટી કર્યા બાદ ચીકુના ખેડૂતોને પણ રાતા પાણીએ રડાવ્યા છે. છેલ્લા એક મહિનામાં ચીકુની ડિમાન્ડ ૯૦ ટકા ઘટી છે. જેને કારણે ચીકુના ભાવ પ્રતિમણ ૧૫૦ થી ૨૫૦ સુધી જ મળી રહ્યા છે. જેથી ખેડૂતોની હાલત કફોડી બની છે. સામે વેપારીઓને પણ ઓછી આવક સામે લાખોનું નુકશાન વેઠવાનો વારો આવ્યો હોવાની ફરિયાદ થઈ રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર બાગાયતી જિલ્લા નવસારીના અમલસાડી ચીકુની ડિમાન્ડ સમગ્ર ભારતભરમાં છે. અહીંથી રોજના હજારો મણ ચીકુ ગુજરાત સહિત અન્ય રાજ્યના મુખ્ય બજારોમાં પહોંચે છે. વર્ષ દરમિયાન અમલસાડ માર્કેટમાંથી પોણા બે લાખ મણ ચીકુની આવક થાય છે. જેમાં શિયાળામાં ચીકુનો ભાવ પ્રતિમણ ૧૨૦૦ રૂપિયા સુધી પહોંચે છે. જ્યારે ઉનાળામાં ભાવ ૫૫૦ રૂપિયા સુધી જાય છે. પરંતુ ગ્લોબલ વોર્મિંગને કારણે આ વર્ષે પડી રહેલી અસહ્ય ગરમીએ ચીકુના ઉત્પાદન સાથે જ બજાર ઉપર પણ મોટી અસર પડી છે. જેને કારણે હાલ ચીકુના ભાવ ગગડીને પ્રતિમણ ૧૫૦ થી ૨૫૦ રૂપિયા મળી રહ્યા છે. જેને કારણે ખેડૂતોની ચિંતા વધી છે. ઝાડ પરથી ચીકુ ઉતારવાની મજૂરી વધવા સાથે પેટ્રોલ-ડીઝલના વધેલા ભાવોને કારણે ટ્રાન્સપોર્ટ પણ મોંઘું પડી રહ્યું છે. જેથી ચીકુના ખેડૂતોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો. બીજી તરફ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં કેરી અને ચીકુના પાકનો પણ સમાવેશ કરવામાં આવે તેવી માગણી કરી હતી. ■

# મુંડકા આગઃ દિલ્હીના મુખ્યમંત્રીએ જાહેર કરી રાહત સહાય, તપાસનો આદેશ

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શનિવારે મુંડકા બિલ્ડીંગમાં આગ લાગવાની ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની ઘોષણા કરી હતી.

કેજરીવાલ અને ઉપ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ સ્થિતિનો તાગ મેળવવા ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપી દેવાયા છે. મૃતકના પરિવારોને ૧૦ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયતા આપવામાં આવશે.

તેમણે કહ્યું કે,આ એક ભિષણ આગ હતી અને મૃતદેહ એટલી હદ સુધી બળી ગયા હતા કે તેની ઓળખ કરવી પણ મુશ્કેલ બની ગઈ હતી.

કેજરીવાલે કહ્યું કે,દિલ્હી સરકારે ગુમ થયેલા લોકો અને મૃતકોની ઓળખ માટે મદદ પૂરી પાડી છે. દિલ્હીના આરોગ્યમંત્રી સત્યેન્દ્ર જૈનએ શુક્રવારે રાત્રે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. (પીટીઆઈ)■